# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૩ તા. ૧૦-૧૦-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૩ થી ૫માં વિષય શિક્ષક અને તાસ પદ્ધતિ અંગેની માર્ગદર્શિકા બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક જીસીઈઆરટી/સી એન્ડ ઈ/૨૦૧૮/૨૩૨૨૦-૫૦ તા.૬-૧૦-૧૮નો પત્ર
૨. પરિપત્ર નં.૬૬-A તા.૨૬-૦૯-૨૦૧૮

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પરિપત્ર નં. ૬૬-A તા.૨૬-૦૯-૨૦૧૮ તથા સંદર્ભિત પત્ર નં.૧ માં આપેલ સૂચનાઓ - માર્ગદર્શન અનુસાર ધો.૩ થી ૫માં વિષય શિક્ષક અને તાસપદ્ધતિનો ચૂસ્ત અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર-૧

તા.૧૦-૧૦-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2018/ ૨૩૨૨૦-૫૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: તા.૦૬/૧૦/૨૦૧૮

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ
- શાસનાધિકારી, તમામ

**વિષય: ધોરણ: ૩ થી ૫માં વિષયશિક્ષક અને તાસપદ્ધતિ અંગેની માર્ગદર્શિકા મોકલી આપવા બાબત**

સંદર્ભ: અત્રેની કચેરીના પત્રક્રમાંક:જીસીઇઆરટી/સીએન્ડઇ/૨૦૧૮/૨૧૯૯૦-૨૨૦૫૯ તા. ૨૪/૦૯/૧૮.

શ્રીમાન,

.ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધો. ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસપદ્ધતિનો અસરકારક અમલ થઇ શકે તે માટે જીસીઇઆરટી દ્વારા માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. જે આ પત્ર સાથે સામેલ છે. તેનો વિગતવાર અભ્યાસ કરી આપના જિલ્લામાં અમલ કરવાનો રહેશે.

સચિવ
જીસીઇઆરટી,
ગાંધીનગર

બિડાણ:

- ધોરણ: ૩ થી ૫માં વિષયશિક્ષક અને તાસપદ્ધતિ અંગેની માર્ગદર્શિકા

નકલ સવિનય રવાના:

- માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ રવાના- જાણ સારું:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

## ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિના અમલ અંગેની માર્ગદર્શક સૂચનાઓ

આપ સુવિદિત છો કે મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો -૧૯૪૯ ના નિયમ નંબર ૧૩૭ અન્વયે દરેક શાળાએ દર વર્ષે સમયપત્રક તૈયાર કરવાનું રહે છે. ત્યારબાદના આર.ટી.ઈ એક્ટ ૨૦૦૯ ની અનુસૂચિ મુજબ ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને સમગ્ર વર્ષ દરમિયાન ૮૦૦ કલાકનું શૈક્ષણિક કાર્ય કરાવવાનું રહે છે. તેમજ RTE નિયમોના નિયમ નંબર ૨૧(૨) અને ૨૧(૩) માં પણ આ અંગેના અમલની જોગવાઈ કરવામાં આવેલ છે.

GCERT દ્વારા નિયત કરવામાં આવેલ અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ ૧ થી ૮ ના તમામ વિષયોના શૈક્ષણિક કલાકો નિયત કરવામાં આવ્યા છે અને જે તે વિષયનાં પાઠ્યપુસ્તકો પણ એ સમયને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં છે. આ અંતર્ગત દરેક વિષયનાં સમજપત્રક તૈયાર થયેલાં છે અને જે તે ધોરણ-વિષયની શિક્ષક તાલીમ દરમિયાન આ સમજપત્રકોની વિગતવાર ચર્ચા કરવામાં આવેલી છે. દરેક શૈક્ષણિક સત્રમાં દરેક અઠવાડિયામાં ઉપલબ્ધ ૪૫ તાસનું આયોજન પણ જે તે વિષય માટે ફાળવવામાં આવેલ સમય મુજબ કરવાનું છે. તા. ૨૪-૯-૧૮ ના પરિપત્રમાં ધોરણ 3 થી 5 ના બંને સત્રની તાસ ફાળવણી આપવામાં આવી છે. આવી તાસ ફાળવણીને અનુસરવાથી દરેક વિષયમાં સમાવિષ્ટ વિષયવસ્તુને યોગ્ય અને ન્યાયપૂર્ણ રીતે શીખવી શકાય છે.

કેટલીક શાળાઓમાં એવું જોવા મળે છે કે એક જ ધોરણના ત્રણ કે ચાર વર્ગના શિક્ષકો જ એ જ ધોરણના અલગ અલગ વર્ગમાં વિષય શિક્ષક તરીકે કામ કરે છે. ખરેખર વિષય શિક્ષક પદ્ધતિનો પૂરતો લાભ તો જ મળે, જો જે તે શિક્ષક ધોરણ 3, 4 અને 5 એમ ત્રણેય ધોરણમાં કોઈ એક કે બે વિષય ભણાવે. વિષય શિક્ષક પદ્ધતિનો અમલ કરવાના હેતુઓ પૈકી એક હેતુ જે તે વિષય માટે શિક્ષકની જવાબદારી નક્કી કરવાનો છે. આ ઉપરાંત શિક્ષક જે તે વિષયના વિષયવસ્તુના વિકાસાત્મક આવર્તનથી પરિચિત હોય તો ત્રણેય ધોરણમાં વધુ સારુ પરિણામ મળી શકે એ પણ એક અગત્યનો હેતુ છે.

જો એક જ ધોરણના ત્રણ વર્ગ (દા.ત. 4A, 4B અને 4C) ના વર્ગશિક્ષક આ જ ત્રણ વર્ગમાં ભણાવે તો એ ધોરણ 3 અને 5 ના વિષયવસ્તુથી પૂરતા પરિચિત ન થાય અને ત્રીજા અને પાંચમા ધોરણમાં જે તે વિષયના વિષયવસ્તુના વિકાસાત્મક આવર્તનથી પણ અપરિચિત રહી જાય, જેથી બાળકોના શિક્ષણ માટે અત્યંત જરૂરી એવું સતત અને ત્વરિત ઉપચારાત્મક શિક્ષણ યોગ્ય રીતે ન થઈ શકે.

માત્ર તાસ પદ્ધતિ હોય ત્યાં આપ સૌ જાણો છો એ મુજબ એક જ ધોરણમાં એક જ શિક્ષક હોય , પરંતુ તાસ મુજબ અલગ અલગ વિષય ભણાવે. દા.ત. ધોરણ 5 ના વર્ગશિક્ષકની દૈનિક નોંધ મુજબ કોઈ એક ચોક્કસ દિવસે એ શિક્ષક પ્રથમ બે તાસમાં ગુજરાતી ભણાવે, ત્યારબાદ બે તાસ ગણિત ભણાવે, પછીના બે તાસ અંગ્રેજી ભણાવે અને છેલ્લા બે તાસ પૈકી એક તાસમાં હિન્દી અને છેલ્લા તાસમાં શારીરિક શિક્ષણ ભણાવે છે. આ આયોજન તાસ પદ્ધતિનું આયોજન છે. આ જ રીતે ધોરણ 3 અને 4 ના વર્ગશિક્ષક પણ પોતાના વર્ગના બધા વિષયને વૈજ્ઞાનિક રીતે તાસ પદ્ધતિ મુજબ ભણાવે છે.

આપ સુવિદિત છો જ કે ધોરણ ૧-૨ પ્રજ્ઞા અને ધોરણ ૬ થી ૮ માં વિષયશિક્ષકો અને તાસ પદ્ધતિનો અમલ થઇ રહ્યો છે. આજ રીતે જે શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં ચાર કે તેથી વધુ શિક્ષકો હોય તેવી શાળાઓમાં ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિનો અમલ કરવાનો છે.

# ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિના હેતુઓ અને ફાયદા

➢ જવાબદેહિતા:

ધોરણ ૩ થી ૫ માં પાયાનાં કૌશલ્યો અને અગત્યની અધ્યયન નિષ્પત્તિઓ વિદ્યાર્થીના જીવનભરના અધ્યયન માટે પાયારૂપ હોઈ, તે અપેક્ષિત સ્તરે સિદ્ધ થવા અનિવાર્ય છે. આથી આ સમયગાળા દરમિયાન એટલે કે ધોરણ ૩ થી ૫ માં બાળકના અધ્યયન માટે શિક્ષકની જવાબદેહિતા (Accountability) નિયત થઇ શકશે.

➢ વિકાસાત્મક આવર્તન:

ધોરણ ૩ થી  માં જે તે ધોરણમાં  તેમજ ક્રમશઃ આગળ વધતાં ધોરણોમાં વિકાસાત્મક આવર્તન ધરાવતી અધ્યયન નિષ્પત્તિઓને સુદ્રઢ કરી શકાશે. ધોરણ - ના ગણિતનો એક મુદ્દો શીખવા માટે ધોરણ-૩ નું કયું પૂર્વજ્ઞાન અપેક્ષિત છે તેમજ આ જ મુદ્દો પાંચમા ધોરણના કયા મુદ્દા સાથે અનુબંધિત છે એવી સમજણ સાથે શિક્ષક ધોરણ-૪ માં જે તે મુદ્દો સારી રીતે ભણાવી શકશે.

➢ ઉપચારાત્મક શિક્ષણ:

વિદ્યાર્થી/વર્ગની જરૂરિયાત અનુસાર તરત જ ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરાવી શકાશે. જે મૂળભૂત રીતે શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત સતત મૂલ્યાંકનનો વાસ્તવિક ભાગ બનશે.

➢ શિક્ષકની પારંગતતા:

જે તે શિક્ષકની રસરૂચિ અને પારંગતતાને અનુરૂપ વિષય ફાળવવાથી વિદ્યાર્થી અને શિક્ષકને સુગમતા રહેશે. તેમજ જે તે શિક્ષકને ચોક્કસ વિષયોમાં સજ્જ કરવા માટે અપેક્ષિત સઘન તાલીમનું આયોજન થઇ શકશે.

➢ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા:

જે તે વિષયશિક્ષક વિષયોને અનુરૂપ પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રવૃત્તિઓથી સજ્જ થઇ શકશે અને વિદ્યાર્થીઓને પ્રવૃતિ દ્વારા અધ્યયન મળશે.

➢ અધ્યયન અધ્યાપન સામગ્રી:

જે તે વિષયશિક્ષક પોતાના વિષયની સંકલ્પનાઓ અનુસારની અધ્યયન-અધ્યાપન સામગ્રી વિકસાવી અને વસાવી શકશે.

➢ વિદ્યાર્થી પોર્ટફોલિયો:

જે તે વિષયશિક્ષક વર્ગના તમામ વિદ્યાર્થીઓનો લર્નિંગ પોર્ટફોલિયો નિભાવી શકશે.

➢ બહુશ્રેણીય શિક્ષણ વ્યવસ્થા:

- ધોરણ ૩ થી ૫ માં બે જ  શિક્ષકો હોય તો,
  - એક વર્ગ ધોરણ ૩ અને ૪ તથા  બીજો વર્ગ  ધોરણ ૫
  - એક વર્ગ ધોરણ ૩ તથા બીજો વર્ગ  ધોરણ ૪ અને ૫  મુજબ બંને શિક્ષકો નિયત વિષયો વિષય શિક્ષક અને તાસ પદ્ધતિ દ્વારા ભણાવશે.

- એક જ ધોરણના એક કરતાં વધુ વર્ગો:
    - કોઈ શાળામાં ધોરણ ૩ થી ૫ માં વધુ વર્ગો હોય તો પણ વિષય ફાળવણી એવી રીતે કરવી કે જેથી શિક્ષક જે તે વિષય ત્રણેય ધોરણમાં ભણાવી શકે. દા.ત. ધોરણ ૩, ૪ અને ૫ ના ત્રણ ત્રણ વર્ગો હોય અને ૯ શિક્ષકો હોય તો તમામ ૯ શિક્ષકો જે તે વિષયો ધોરણ ૩, ૪ અને ૫ એમ ત્રણેય ધોરણમાં ભણાવે. (ધોરણ ૫ ના જ ત્રણ શિક્ષકો પાંચમા ધોરણના જ ત્રણ વર્ગમાં વિષયો ન ફાળવવા, પરંતુ ધોરણ ૩ થી ૫ એમ ત્રણેય ધોરણના વિષય ફાળવવા.)

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇને વિષય શિક્ષક પદ્ધતિના મૂળભૂત હેતુઓ અને તેનું હાર્દ સમજીને આપની સમગ્ર ટીમ (DPEO/AO, Dy DPEO/Dy AO, TPEO, ADEI/Supervisor, BRC/URC-CRC Co., BRP, Head Teacher, Teachers) અવગત થાય તે માટે આપના જિલ્લાની ધોરણ ૧ થી ૫ ના વર્ગો અને શિક્ષકોની માહિતીના આધારે પ્રત્યેક શાળાદીઠ અમલવારી માટેનું સૂક્ષ્મ આયોજન કરવું અને તેને અનુરૂપ હેન્ડ હોલ્ડિંગ કરવું.